શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુક

વર્ષ : ૨૧
અંક : ૧૨

**૧૦. અસમાનતામાં ઘટાડો**

વિવિધ દેશોમાં અને તેમની વચ્ચેની અસમાનતા ઘટાડવી.

૧૦.૧ વર્ષ ૨૦૩૦ સુધીમાં તળિયાની આવક ધરાવતા ૪૦ ટકાની વસ્તીની આવકમાં ઉત્તરોત્તરની વૃદ્ધિને હાંસલ કરવી અને જાળવવી જેનો દર રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ હોય.

૧૦.૨ વય, જાતિ, વિકલાંગતા, વંશ, મૂળ, ઉત્પતિ, ધર્મ અથવા આર્થિક કે અન્ય દરજ્જાની પરવાહ કર્યા વિના તમામના સામાજીક, આર્થિક અને રાજકીય સમાવેશનું સશકિતકરણ કરવું અને પ્રોત્સાહન આપવું.

૧૦.૩ સમાન તકોને સુનિશ્ચિત કરવી અને પરિણામોમાં અસમાનતા ઘટાડવી, જેમાં ભેદભાવયુકત કાયદાઓ, નીતિઓ અને પ્રક્રિયાઓને નાબૂદ કરવી અને આ સંબંધમાં યોગ્ય ધારા, નીતિઓ અને પગલાને પ્રોત્સાહિત કરવા.

૧૦.૪ નીતિઓ, ખાસ કરીને રાજકોષીય વેતન અને સામાજીક રક્ષણ નીતિઓને આત્મસાત કરવી અને ઉત્તરોત્તર વધુ સારી રીતે સમાનતા હાંસલ કરવી.

૧૦.૫ વૈશ્વિક નાણાકીય બજારો તથા સંસ્થાઓના નિયમન અને નિરીક્ષણને સુધારવું અને આવા નિયમોના અમલને સુદ્રઢ બનાવવું.

૧૦.૬ વધુ અસરકારક, વિશ્વસનીય, જવાબદેહ અને વૈધાનિક સંસ્થાઓ પૂરી પાડવા માટે વૈશ્વિક આંતરરાષ્ટ્રીય, આર્થિક અને નાણાકીય સંસ્થાઓમાં લેવાતા નિર્ણયની પ્રક્રિયાઓમાં વિકાસશીલ દેશો માટે વધુ પ્રતિનિધિત્વ અને પ્રભાવને સુનિશ્ચિત કરવો.

૧૦.૭ યોજનાબધ્ધ અને સુસંચાલિત હિજરતી નીતિઓના અમલ દ્વારા લોકોની વ્યવસ્થિત, સુરક્ષિત, નિયમિત અને જવાબદારીપૂર્ણ હિજરતને સુગમ બનાવવી.

૧૦.૯ જરૂરિયાત રાષ્ટ્રો, ખાસ કરીને અલ્પવિકસિત રાષ્ટ્રો, આફ્રિકન દેશો, નાના ટાપુના વિકાસશીલ દેશોમાં તેમની રાષ્ટ્રીય યોજનાઓ અને જમીનથી ઘેરાયેલા વિકાસશીલ દેશોમાં તેમની રાષ્ટ્રીય યોજનાઓ અને કાર્યક્રમો અનુસાર વિદેશી પ્રત્યક્ષ મૂડી રોકાણ સહિત સત્તાવાર વિકાસ સહાય અને નાણાકીય પ્રવાહને પ્રોત્સાહિત કરવો.

સંદર્ભ : સાતત્યપૂર્ણ વિકાસના ધ્યેયો

**નિરાશ થવું એટલે નાસ્તિક થવુ.**

## પ્રથમ કેળવણી માબાપોની

માબાપોને એ વાતની ખબર નથી હોતી કે પોતે પોતાના બાળકને કેળવણી આપી શકે તે માટે પ્રથમ તો તેમણે પોતાની જાતને જ કેળવવાની રહે છે, પોતાને વિશે સભાન બનવાનું રહે છે, પોતાના ઉપર પ્રભુત્વ મેળવવાનું રહે છે કે જેથી પોતે બાળક આગળ એક ખરાબ દ્રષ્ટાંત મારફતે જ અપાય છે. બાળકને માત્ર સારા સારા શબ્દો કહેવા, ડાહી શિખામણ આપવી એનો કશો જ અર્થ નથી. આપણે જે કહેતા હોઈએ તેમાં રહેલું સત્ય જો આપણા જીવંત દ્રષ્ટાંત દ્વારા આપણે ન બતાવી શકીએ, તો પછી આપણા શબ્દોની કે શિખામણની કશી અસર પડતી નથી. સત્યનિષ્ઠા, પ્રામાણિકતા, હિંમત, નિઃસ્વાર્થતા, ધીરજ, સહનશકિત, ખંત, શાંતિ, સ્વસ્થતા, આત્મસંયમ – આ બધી વસ્તુઓ એવી છે કે તેમને શીખવવા માટે સુંદર શબ્દો કરતાં આપણું પોતાનું દ્રષ્ટાંત જ અનેકગણુ સારૂં કામ આપે છે. માટે હું માબાપોને કહીશ કે તમારા જીવનમાં એક ઉચ્ચ આદર્શ રાખો, અને તે આદર્શ અનુસાર જ હંમેશાં તમારૂં વર્તન રાખો. તમે જોશો કે તમારૂં બાળક આ આર્દશને પોતાની અંદર થોડે ઝીલવા લાગ્યું છે. દરેક બાળકને સ્વાભાવિક રીતે જ પોતાનાં માબાપ તરફ માન અને અહોભાવ હોય છે. અને માબાપો જો સાવ નાલાયક નથી હોતાં તો તેઓ બાળકોને હંમેશાં દેવ જેવાં લાગે છે જ અને તેઓ પોતાથી બને તેટલું તેમનું જ અનુકરણ કરવાનો પ્રયત્ન કરે છે.માબાપો, અમુક વિરલ અપવાદ સિવાય, એ વાતનો તો કદી ખ્યાલ જ નથી કરતાં કે તેમની ખામીઓ, તેમની જલદ વૃતિઓ, નિર્બળતાઓ, આત્મસંયમનો અભાવ બાળકો ઉપર કેવી તો ભયંકર છાપ પાડે છે. તમારાં બાળકો તમને માન આપે એમ તમે ઈચ્છતાં હો તો પ્રથમ તો તમે પોતે જ તમારી જાતનું સન્માન કરતાં શીખો, અને હર પળે તમે પોતે એક માનયોગ્ય વ્યકિત બની રહો. તમે ઘ્યાન રાખો કે તમારા વર્તનમાં કદી પણ તરંગીપણું ન આવે, અધીરાઈ ન આવે, બદમિજાજ ન આવે. તમારૂં બાળક તમને કોઈ પ્રશ્ન પુછે ત્યારે તમારો જવાબ તે સમજી શકવાનું નથી એમ માનીને તમે કોઈ મૂર્ખાઈ ભરેલો જવાબ ન આપશો. તમે જો બરાબર પ્રયત્ન કરશો તો તમારી વસ્તુ તમે હંમેશાં બાળકને સમજાવી શકશો–માત્ર તમારે તેને એવી રીતે કહેવાની કળા મેળવી લેવી જોઈએ કે જેથી તમારી વસ્તુ સાંભળનારના મગજ સુધી પહોંચી શકે.નાની વયમાં, બારથી ચૌદ વર્ષ સુધી, બાળકનું મન સૂક્ષ્મ રીતના સિદ્ધાંતો અને વ્યાપક સ્વરૂપના વિચારોને ઝીલી શકે તેવું નથી હોતું. પરંતુ તમે સ્પષ્ટ આકારવાળા ચિત્રો, પ્રતીકો કે દ્રષ્ટાંતોનો ઉપયોગ કરીને બાળકના મગજને એવી તાલીમ આપી શકો છો કે જેથી તે એ સૂક્ષ્મ અને વ્યાપક વિષયોને સમજતું થઈ શકે. માત્ર બાળકોને જ નહિ, પણ ઠીક ઠીક મોટી ઉંમરના માણસોને પણ, તેમ જ કેટલાક

**શિક્ષણથી પણ વધારે મહત્વ ચારિત્ર્યનું છે.**

લોકો કે જેમનું મન સદા બાળકની કક્ષાનું જ રહે છે તેવાઓને પણ, એકાદ વારતા, કથા કે પ્રસંગ જો બરાબર રીતે કહેવામાં આવે તો તેથી તેમને તાત્વિક રીતનાં મોટાં મોટાં વ્યાખ્યાનો કરતાં પણ વિશેષ જ્ઞાન મળી શકે છે. એક બીજી વસ્તુ સામે પણ ચેતતા રહેવાનું છે. બાળકને કદી ઠપકો ન આપશો – અને ઠપકો આપવો પડે તો તે કોઈ ચોકક્સ હેતુસર જ અપાય, ઠપકો આપ્યા વિના ન જ ચાલે તેમ હોય ત્યારે જ તે અપાય. વારે વારે ઠપકો મળતાં બાળક ઠપકાથી ટેવાઈ જાય છે. પછી તમે તેને ગમે તે કહો, અવાજમાં ગમે તેટલી કડકાઈ લાવો, પણ એને તેનું કશું મહત્વ રહેતું નથી. બાળક કોઈ ભૂલ કરી બેસે, ત્યારે તેની કબૂલાત એ આપમેળે ને નિખાલસ ભાવે કરે તેની રાહ જોજો. તમારી અને તમારા બાળકની વચ્ચે ભયનું તત્વ દાખલ થઈ જાય, એવું તો કદી ન થવા દેશો. બીકમાંથી બાળક હંમેશા અસત્ય અને દંભનો આશરો લેવા માંડે છે. એ કદી ભૂલશો નહિ કે બાળકને આ જગતમાં જન્મ આપીને તમે તેના પ્રત્યેની એક ફરજ નોતરી લીધેલી છે. એ ફરજ નોતરી લીધેલી છે, એ ફરજ તમારે ઉત્તમ રીતે અદા કરવાની છે. અને તેનો એક જ માર્ગ એ છે કે તમે પોતે વધુ ને વધુ ઉત્તમ બનો. તમારી જાતને વટાવીને તમારે સતત ઉંચે ને ઉંચે ચડતા રહેવાનું છે.

સાભાર : અરધી સદીની વાચનયાત્રા–૧

## વૃક્ષ

વૃક્ષ જયાં વ્હેરાય છે,
પંખીઓ ગભરાય છે !!!!!!!
ઘર બને છે એટલે,
વૃક્ષ બેઘર થાય છે !!!!!!
પંખીનો કલરવ હવે,
કયાં કદી સંભળાય છે ?
છાંયડો મૃગજળ બન્યો,
રણ બધે ફેલાય છે !!!!!!
તાપ વરસે તે છતાં
તન તરુ લીલકાય છે.
ચેહ માટે લાકડાં......
ખૂબ મોંઘા થાય છે.
વૃક્ષ ગોતે પંખીને,
વૃક્ષ થાકી જાય છે.
કોયલા હીરા બને
વૃક્ષ સૌ વહેમાય છે !!!!!!
ગ્રીષ્મમાં ગુલમ્હોર વૃક્ષ,
ફૂલથી ટહૂકાય છે.

– રમેશ પટેલ

**પ્રિય વાચક મિત્રો,**
ટપક તેમજ સંસ્થાકીય પ્રવૃતિઓ માટે આપ સહયોગ રાશી મોકલી શકો છો. આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાણ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો.

**આળસુ માણસ હંમેશા દેવાદાર અને બીજાને ભારરૂપ હોય છે.**

## ત્રિમાસિક સ્ટાફ મીટીંગ

તા. ૭/૧૨/૧૯ નાં રોજ નિયમિત રીતે યોજવામાં આવતી ત્રિમાસિક સ્ટાફ મીટીંગનું આયોજન દેસર ખાતે એસએસકેકે અને હરીરાજ ચેરીટેબલ ટ્રસ્ટ નાં તમામ સ્ટાફની સંયુકત બેઠક રાખવામાં આવેલ જેનું અધ્યક્ષ સ્થાન આઈએનજીજે ૪૬ના પીયુ મેનેજર શ્રી પ્રવિણભાઈ જાલંધરા દ્વારા સંભાળવામાં આવ્યું અને નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

૧. ગત મીટીંગ તા. ૭/૯/૧૯ની મળેલ મીટીંગની કાર્યવાહી વંચાણે લઈ મંજુર કરવામાં આવી.

૨. ચાઈલ્ડ લાઈનનાં પ્રોજેકટ કોર્ડીનેટર શ્રી રમેશભાઈ ચૌહાણ દ્વારા ચાઈલ્ડ લાઈનનાં પ્રોજેકટની વિસ્તૃત માહીતી જેવી કે મુખ્ય હેતુ, કયારથી શરૂઆત, આઉટરીચ, ઓપન હાઉસ, શરૂઆતથી અત્યાર સુધી કરેલ કામગીરી અને આગામી ત્રણ માસનું આયોજન જણાવવામાં આવેલ હતું.

૩. લેમ્પ કાર્યક્રમનાં પ્રોજેકટ કોર્ડીનેટર શ્રી ધ્રુવીબેન ભંડેરી દ્વારા કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું કે આ કાર્યક્રમ શિક્ષણને લગતો અને શાળાનાં બાળકોમાં શિક્ષણનો બદલાવ અને સ્થળાંતર થયેલા બાળકો ને સ્કૂલ સુધી પહોચાડવાનો છે. જે મુજબ લેમ્પ અંતર્ગત થયેલ કામગીરી અને આગામી ત્રણ માસનું આયોજન જણાવવામાં આવ્યુ.



**સજા કરવાનો અધિકાર તેને જ છે જે પ્રેમ કરે છે.**

૪. એલ.ઈ.પી. કાર્યક્રમની માહીતી શિલ્પાબેન અને દિવ્યાબેન દ્વારા જણાવવામાં આવી જે મુજબ આ કાર્યક્રમ શિક્ષણ સંબધિત છે. અને બાળકોનું શિક્ષણ સ્તર ઉંચુ લાવવાનો છે. જેમાં થયેલ કામગીરી અને ત્રણ માસનું અયોજન રજુ કરવામાં આવ્યું.

૫. સંસ્થા અંતર્ગત ચાલતાં આઈએનજીજે ૪૬, ૨૭, ૧૪ અને ૪૫ નાં સંબધિત મેનેજરશ્રી દ્વારા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ કપાસ અને અન્ય પાકોની સારી ગુણવતા, સારો ભાવ, ઓછાં ખર્ચ સાથે–સાથે પર્યાવરણ, માનવજીવનનું રક્ષણ અને બાળમજુરોના અટકાવ જેવા મુદા આધારિત સમજણ આપવામાં આવી. પીયુ દ્વારા કરવામાં આવેલ કામગીરી અને આગામી ત્રણ માસમાં ખેડુતો સાથે મીટીંગ, એફએફબી, અપડેટ ક્ષારનિયંત્રણ અંગે જુદી જુદી કરવાની કામગીરીનો ચિતાર આપવામાં આવ્યો. તેમજ આ મીટીંગમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, યુવાનો સાથે જેન્ડર સમાનતા, ટપક ચેનલ અને સંસ્થા દ્વારા ચાલતા એફપીઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી. મીટીંગનું સમાપન કરતા સંસ્થાના નિયામક શ્રી દ્વારા સ્ટાફને સોપેલ અને કરવાની કામગીરી યોગ્ય ગુણવતાવાળી પરિણામ લક્ષી થાય તે માટે કન્સલ્ટટેશન, સર્વિસ, ઈનપુટ, આઉટપુટ, આઉટકમ અને ઈમ્પેકટ જેવી બાબતોની સમજણ આવે, કામ કરવા આહ્વાન કરવામાં આવ્યુ હતું. અંતમાં ભરતભાઈ શીંગડ અને રામજીભાઈ બાંભણીયા દ્વારા સૌનો આભાર માની મીટીંગ પુર્ણ કરવામાં આવી હતી.




**કોઈપણ કાર્યનો આરંભ જ એનું સૌથી મહત્વનું અંગ છે.**

## ખુલ્લામાં મળત્યાગ એટલે દર વર્ષે ૪ લાખ બાળકોને મોતના મોમા ધકેલવાનુ અધમ કૃત્ય

આપણે સૌ જાણીએ છીએ કે ખુલ્લામાં શૌચક્રિયા કરવાથી માનવ ગરિમા તો જળવાતી નથી. પણ, સાથે સાથે રાત્રીના સમયે મળત્યાગ જવાને કારણે બનતા અકસ્માત જેવા કે જીવજંતુ કરડવા. તદ્ઉપરાંત અસામાજિક તત્વોની પરેશાની, વરસાદી, ઠંડી કે ઉનાળાની ઋતુમાં ખુલ્લામાં મળત્યાગ કરવામાં પડતી અનેક મુશ્કેલીઓ તો જ છે જ. પરંતુ, આ સિવાય આપણે કલ્પના પણ કરતા નથી અને તત્કાળ સમજણમાં ન આવે તેવી જે પરોક્ષ બાબત છે. તે છે બાળકોના મૃત્યુ યુનીસેફના સર્વે મુજબ ખુલ્લામાં મળત્યાગને કારણે આપણે દેશમાં દર વર્ષે ૪ લાખ બાળકો મુત્યુ પામે છે. જેના જવાબદાર આપણે ખુલ્લામાં મળત્યાગ કરતા માનવીઓ છીએ. વૈજ્ઞાનિક સંશોધન મુજબ ૧ ગ્રામ માનવ મળમાં રોગ ફેલાવી શકે તેવા ૧ કરોડ વાયરસ, દસ લાખ બેકટેરીયા અને ૧૦૦ જેટલા પરોપજીવીઓ હોય છે. મળ હવા પશુપંખી દ્વારા, ખુલ્લા પગે ચાલતા લોકો દ્વારા અને ખાસ કરીને માખી દ્વારા આસાનીથી પેટ સુધી પહોંચે છે. જે આપણા ખોરાક, પાણી, દુધ જેવા ખુલ્લા ખાદ્યપદાર્થ સાથે ભળે છે અને મુખ દ્વારા આસાનીથી પેટ સુધી પહોંચી જાય છે. ખાસ કરીને નાના બાળકો જે ૦ થી ૫ વર્ષેની ઉમરના હોય તેની રોગ સામે લડવાની શકિત સીમીત હોવાને કારણે તત્કાળ રોગના ભોગ બને છે અને મૃત્યુ તરફ ધકેલાઈ જાય છે. આવા નાના બાળકોને ખાંસ તો પાણીજન્ય રોગ થાય છે. નાના બાળકોના મળમાં પુરૂ પાચન ન થવાને કારણે રોગના વધુમાં વધુ જંતુ હોય છે. નાના બાળકોના મળને ખુલ્લામાં ફેંકતા આપણે જરા પણ અચકાતા નથી. ભારત દેશમાં પ્રતિદિવસ ખુલ્લામાં મળત્યાગનો જથ્થો લગભગ ૬૫૦૦૦ ટન જેટલો છે. ભારત દેશમાં ફકત ૧૧% ભારતીય ગ્રામીણ કુટુંબો બાળકોનો મળનો સલામત નિકાલ કરે છે. તેથી જ ખુલ્લામાં મળત્યાગ વહેલાસર બંધ થવુ જરૂરી છે. અન્યથા નાના બાળકો મોતનો શિકાર બનતા રહેશે. આ માટે દરેક કુટુંબ પોતાના માટે દરેક કુટુંબ પોતાના માટે એક વ્યકિતગત શૌચાલયનું નિર્માણ કરવું જોઈએ સાથે–સાથે કુટુંબના તમામ સભ્યોએ તેનો ૧૦૦% ઉપયોગ કરવો જોઈએ. ખાંસ તો નાના બાળકોનો મળનો નિકાલ પણ શૌચાલયમાં કરવો જોઈએ.અમારો એવો પણ અનુભવ છે કે ગ્રામ્ય કક્ષાએ શૌચાલય સુવિધા હોવા છતાં કેટલાંક કુટુંબો તેનો ઉપયોગ કરવાને બદલે સ્ટોર રૂમ જેમાં છાણા, બળતણ, ઘરનો ભંગાર સામાન કે નિરણ ભરેલી જોવા મળે છે અને ખુબ સહજતાથી ડબલા લઈને ખુલ્લામાં શૌચક્રિયા માટે જતા હોય છે.તો ચાલો સૌ મળીને ખુલ્લામાં શૌચક્રિયા બંધ કરીએ.

આભાર– રમેશ સોલંકી

**સાચું સ્વર્ગ માતાના ચરણોમાં છે.**

## રવી સીઝનના પાકો માટે પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અંતર્ગત યોજાયેલ ખેડૂત મીટીંગ

તા. ૧૭/૧૨/૧૯ નાં રોજ આઈએનજીજે ૪૫ અંતર્ગત બાબરા તાલુકાના વાંડલીયા ગામ ખાતે ખેડૂત મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌપ્રથમ પીયુ મેનેજર શ્રી નરેન્દ્રભાઈ દ્વારા સૌ ખેડૂત ભાઈઓને આવકારવામાં આવ્યા બાદ જણાવ્યું કે સરકાર દ્વારા અમલમાં મુકેલ પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાની વિસ્તૃત માહિતી આપવામાં આવી જેમાં જે તે પાક, તેનો વાવેતર વિસ્તાર, વીમાની રકમ, પ્રિમીયમની રકમની પૂરી સમજણ આપવામાં આવી. સાથે સાથે બેંક પાસબૂકની નિયમિત ચકાસણી અને બેન્ક સાથે રૂબરૂ મુલાકાત જેવા મુદાઓની સમજણ આપવામાં આવી. રવી સીઝનમાં વાવેતર કરવાનાં પાકો અને તે માટે ધ્યાને રાખવાની બાબત પણ જણાવી. ખેડૂત દ્વારા વધુમાં વધુ જૈવિક ખેતી થાય અને તેનાં કારણે ઉત્પાદનની ગુણવતા, પોષણક્ષમ ભાવો અને તેનાં કારણે પર્યાવરણનું રક્ષણ થાય તેમ કરવા ખેડૂતોને આહવાન કરવામાં આવ્યું. આ તબકકે કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં અધિકારીશ્રી પ્રજાપતિ સાહેબ દ્વારા વૈજ્ઞાનિક ઢબે ખેતી થાય તેમ જણાવ્યું. ખેડૂતો દ્વારા પૂછવામાં આવેલા વિવિધ ખેતી વિષયક પ્રશ્નો અંગે યોગ્ય જવાબો આપવામાં આવ્યા. સમગ્ર મીટીંગનું આયોજન અંકિત કથીરિયા દ્વારા કરવામાં આવ્યું અને સૌનો આભાર માની મીટીંગ પૂર્ણ કરવામાં આવી.



**માતા બાળકની શિક્ષા, દિક્ષા અને સંસ્કારનો ગુરૂ છે.**

## Happy Birthday

| | |
|---|---|
| Jenti sarvaiya | 01.01.1992 |
| Deepa chauhan | 02.01.1977 |
| Romit Vadher | 04-01-1997 |
| Rekhaben Mithapara | 05.01.1963 |
| Mansing Bambhaniya | 09.01.1994 |
| Jignesh Gujjar | 19-01-1988 |
| Gordhan Vaghela | 20.01.1983 |
| Tarun Makvana | 22.01.1998 |

## In this month

3 Board of directer meeting (JAPCO).

5 Block level SMC fedaration meeting at Charkha.

7 Quarterly staff meeting at Mota Desar.

9-11 Community radio awerness workshop at Ahmedabad.

11-12 Data management training at Sayla.

15-20 Sexuality, Gender and Rights Institute- New Delhi.

17-18 TFIx meeting at Mumbai.

**રમૂજ એક થેરાપી**

પતિ હીબકે ચડીને રોયો,
જ્યારે પત્નીનું આઠમાં ધોરણનું
પ્રમાણપત્ર હાથમાં આવ્યું અને તેમાં
લખ્યું હતું કે 'કોમળભાષી અને
શાંતિપ્રિય અને વર્તણૂક સારી'

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SskK

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ઈર્ષા આંધળી હોય છે, તે સત્યને ભાગ્યે જ જોઇ શકતી હોય છે.**